CNR Number - GJJN06-001005-2024	દાવા પ્રાપ્તિ તારીખ :	૩૦/૦૮/૨૦૨૪					
सत्यमेव जयते	દાવા દાખલ તારીખ :	૩૦/૦૮/૨૦૨૪					
	દાવા નિર્ણિત તારીખ :	૧૪/૦૭/૨૦૨૬					
	અવધિ :	૦૧	વર્ષ	૧૦	માસ	૧૫	દિવસ

નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. માળીયા હાટીના

રેગ્યુલર દિવાની મુકદમા નં. ૧૧૦/૨૦૨૪

આંક :– ૪૧

વાદી :– **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,**
(તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એકટ અન્વયે સ્થપાયેલ બેંક)
જેની કોર્પોરેટ ઓફીસ, મુંબઈ,
સ્થાનિક હેડ ઓફીસ: ભદ્ર, અમદાવાદ,
બ્રાંચ ઓફીસ–ખોરાસા–ગીર,
થ્રુ બ્રાંચ મેનેજરશ્રી.

–:: વિરૂધ્ધ ::–

પ્રતિવાદી :– **ગુજ. નરશીભાઈ નારણભાઈ ગલાણીનાં વારસ,**
(૧) **રમેશભાઈ નરશીભાઈ ગલાણી,**
ઉ.વ.આ. ૩૭, ધંધો–ખેતી, ધર્મે–હિન્દુ,
રહે.ખોરાસા ગીર, તા.માળીયા હાટીના.

દાવો :–	**રકમ રૂા.૬,૯૧,૮૯૦/– તથા ચડત વ્યાજ વસુલ મેળવવા અંગે ...**

વાદી તરફે	:	**વિ. વકીલશ્રી એમ.એસ.ગોહેલ**
પ્રતિવાદીઓ તરફે	:	**એકતરફી**

-:: ઠરાવ ::-

(૧) વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી બેંક, તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એકટ તળે સ્થાપિત થયેલ રાષ્ટ્રીયકૃત બેંક છે. જેની કોર્પોરેટ ઓફીસ મુંબઈ મુકામે આવેલ છે અને તેના કાર્યક્ષેત્રાધિકાર હેઠળ સ્થાનિક હેડ ઓફીસ અમદાવાદ-ભદ્ર મુકામે આવેલ છે. વાદી બેંકની એક બ્રાંચ ઓફીસ જુનાગઢ જિલ્લાનાં માળીયા હાટીના તાલુકાનાં ખોરાસા-ગીર મુકામે આવેલ છે. જેના બ્રાંચ મેનેજરશ્રીને દાવો ચલાવવા માટે આનુસંગિક તમામ કાર્યવાહી કરવાની સત્તા, હકક અને અધિકાર છે. આ કામનાં ગુજરનાર પ્રતિવાદી નરશીભાઈ નારણભાઈ ગલાણી માળીયા હાટીના તાલુકાનાં ખોરાસા ગીર મુકામે ખેડ ખાતા નં.૭૨૦ થી રેવન્યુ સર્વે નં.૨૩૪/૧/પૈકી-૧, હે.આરે.૧-૩૨-૩૧ તથા ખાતા નં.૪૧૧ સર્વે નં.૧૮૬/૩ હે.૧-૦૩-૨૦ ની ખેતીની જમીન ધરાવે છે. આ કામનાં ગુજરનાર પ્રતિવાદીએ ખેતી વિષયક લોન/ધિરાણ મળવા વાદી બેંક જોગ તા.૧૯/૦૬/૨૦૧૯ નાં રોજ વાદી બેંક પાસેથી કે.સી.સી. પાક ધિરાણ મેળવવા અરજી કરતાં, વાદી બેંકે પંચવર્ષીય લીમીટ રૂ.૬,૧૯,૦૦૦/- ની મહતમ લીમીટ મર્યાદામાં ધિરાણ મંજુર કરેલ અને ગુજ. પ્રતિવાદીએ તા.૧૯/૦૬/૨૦૧૯ નાં રોજ વાદી બેંક જોગ ધોરણસરનાં દસ્તાવેજ જેવા કે લેટર ઓફ એરેંજમેન્ટ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, સંમતી પત્ર વિગેરે કરી આપી રૂ.૩,૭૦,૦૦૦/- નો નાણાંકિય ઉપાડ કરેલ જે તા.૧૫/૦૬/૨૦૨૦ નાં રોજ ગુજ.પ્રતિવાદીએ વાદી બેંકને ભરપાઈ કરી આપેલ છે. તેમજ ગુજ.પ્રતિવાદીએ તા.૧૬/૦૬/૨૦૨૦ નાં રોજ ફરી ધિરાણ મળવા અરજી આપેલ તે ધિરાણ વાદી બેંકે મંજુર કરેલ અને ગુજ.પ્રતિવાદીએ રૂ.૩,૫૦,૦૦૦/- નો નાણાંકિય ઉપાડ કરેલ. સદરહું ધિરાણ તા.૦૬/૦૮/૨૦૨૧ નાં વાદીબેંકને ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ પ્રતિવાદીએ તા.૧૯/૦૬/૨૦૧૯ તેમજ તા.૧૬/૦૬/૨૦૨૦ તેમજ તા.૦૭/૦૮/૨૦૨૧ નાં રોજ ધોરણસરનાં દસ્તાવેજો જેવા કે, લેટર ઓફ એરેંજમેન્ટ,

હાઈપોથીકેશન એગ્રીમેન્ટ વિગેરે કરી આપીને મંજુર ધિરાણ સવલતનો ઉપાડ કરેલ છે. સદરહું ધિરાણ સવલત અન્વયે વાદી બેંકે તેનું ખાતા નં.૩૨૬૭૭૦૫૧૪૬૯ થી ખાતુ પાડેલ છે. વાદી બેંકની જાણકારી મુજબ કરજદાર નરશીભાઈ નારણભાઈ ગલાણીનું તા.૧૫/૧૧/૨૦૨૨ નાં રોજ અવસાન થયેલ હોય આ કામનાં હાલનાં પ્રતિવાદી રમેશભાઈ નરશીભાઈ ગલાણી ગુજ. નાં પુત્ર અને પ્રથમ પંકિતનાં વારસદાર અને કાયદેસરનાં પ્રતિનીધી હોય સબબ દાવાવાળું લેણું ભરપાઈ કરવા જવાબદાર બનેલ છે તેમજ ગુજ. નાં અન્ય વારસદારો જાહેર થયે આ કામમાં જોડવા હક અબાધીત રાખેલ છે. વાદી બેંક પાસેથી લીધેલ સદરહું ધિરાણ સવલતની રકમ પર રીઝર્વ બેંક વખતો વખત નકકી કરે તે મુજબ હાલમાં ૧૧.૮૦% નાં વ્યાજનાં દરે વાદી બેંકને વ્યાજ ભરપાઈ કરવા જવાબદાર બનેલ છે. વાદી બેંકનાં પ્રતિવાદીઓ પાસેથી ખાતાની રૂએ રૂા.૬,૪૩,૬૯૭/- તથા તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીનું ચડત વ્યાજ એમ કુલ રૂા.૬,૯૧,૮૯૦/- તથા તેનું તા.૦૧/૦૮/૨૦૨૪ થી ચડત વ્યાજ બાકી પડે છે. જે વસુલ નહી આવતાં હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ લાવવા વાદી બેંકને ફરજ પડેલ છે. પ્રતિવાદીએ તા.૦૪/૦૪/૨૦૨૨ નાં રોજ સદર લેણા અંગે લેખીત અંગીકરણ કરી આપેલ છે. પ્રતિવાદીઓ દાવાવાળું લેણું ભરપાઈ કરવા કાયદાનુંસાર રીતે જવાબદાર છે. વાદી બેંકનું પ્રતિવાદીઓ પાસે ખાતાની રૂએ રૂા.૬,૪૩,૬૯૭/- પૈસા મુદ્દલ રકમ તથા તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીનું રૂા.૪૮,૧૯૩/- ચડત વ્યાજ મળી કુલ રૂા.૬,૯૧,૮૯૦/- બાકી રહે છે. પ્રતિવાદીઓએ વાદી બેંકની લેણી રકમ ભરપાઈ નહીં કરતાં વાદી બેંક તરફથી લેખિત તથા મૌખિક જાણ કરવા છતાં પ્રતિવાદીઓએ વાદી બેંકની લેણી રકમ ભરપાઈ કરી આપેલ નથી. છેલ્લે, તા.૨૩/૦૫/૨૦૨૩ તથા ૦૩/૦૮/૨૦૨૪ નાં રોજ રજી.એ.ડી. પોસ્ટથી લીગલ નોટિસ મોકલવા છતાં વાદી બેંકનું લેણું ભરપાઈ કરવા કોઈ દરકાર ન લેતા દાવો લાવવા ફરજ પડેલ છે.

જેથી હાલનો દાવો લાવી આ કામનાં પ્રતિવાદી દાવા અરજી પારા–૬ માં જણાવેલ વિગતે વાદી બેંકની લેણી રકમ રૂા.૬,૯૧,૮૯૦/– તથા તે રકમ ઉપર તા.૦૧/૦૮/૨૦૨૪ થી ૧૨% લેખે કરારની શરતો મુજબ ચડત વ્યાજ બેંકને તેની જાત તથા તમામ પ્રકારની સ્થાવર જંગમ મિલકતથી તથા વાદી બેંકને તારણમાં આપેલ (દાવા પારા–૩ માં વર્ણવેલ વિગતોવાળી) ખેતીની જમીનથી વસુલ આપે તેવું હુકમનામું પ્રતિવાદી વિરૂધ્ધ અને વાદી બેંકની તરફેણમાં ફરમાવવા તથા અદાલતી ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તથા દાવાનાં અનુસંધાને મળી શકતી તથા નીકળતી સઘળી આનુસંગીક દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીને સમન્સ કરતાં, આંક–૫ ની વિગતે ધોરણસર સમન્સ તેઓને બજી જતાં પ્રતિવાદી હાજર રહેલ નથી અને પ્રતિવાદીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં હાજર થયેલ ન હોય પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો આંક–૧ લગત હુકમ તા.૦૫/૦૨/૨૦૨૫ નાં રોજ કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત હકીકત ધ્યાનમાં રાખી તા.૦૫/૦૨/૨૦૨૫ નાં રોજ આંક–૦૭ થી નીચે મુજબનાં મુદ્દાઓ ઘડેલા છે.

(૧) Whether the plaintiff proves that on dt.07/08/2021 the defendant has obtained loan facility of Rs.5,00,000/- for KCC Loan With Interest ?

(૨) Whether the plaintiff proves that the defendant has accepted the liability and the defendants have executed all the relevant documents in favour of the plaintiff bank as alleged ?

(૩) Whether the plaintiff proves that as per regular account of defendant prepared by the plaintiff bank the defendants liable to pay Rs.6,91,890/- with interest as alleged ?

(૪) Whether the plaintiff is entitled to get relief’s as claimed in the plaint ?

(૫) What order and decree ?

(૪) ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટનાં નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.
(૨) હકારમાં.
(૩) હકારમાં.
(૪) હકારમાં.
(૫) આખરી હુકમ મુજબ.

(૫) સદર કામમાં વાદી તરફે તેઓની દાવા અરજીનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>–:: મૌખિક પુરાવો ::–</u>

(૧)	હિમાંશુ અંતજની સરતપાસનું સોગંદનામું	આંક–૩૮

<u>–:: દસ્તાવેજી પુરાવો ::–</u>

(૧)	પ્રતિવાદીએ કે.સી.સી. લોન ધીરાણ મેળવવા વાદી બેંકને આપેલ અરજી.	આંક–૧૫
(૨)	પંચવર્ષીય કે.સી.સી. લીમીટનું એસેસમેન્ટ	આંક–૧૬
(૩)	પ્રતિવાદીની અરજી મંજુર કર્યાનો પત્ર	આંક–૧૭
(૪)	વાદીબેંકે પ્રતિવાદીને લીમીટ અંગે જાણ કરતો પત્ર	આંક–૧૮
(૫)	લેટર ઓફ એરેન્જમેન્ટ.	આંક–૧૯
(૬)	હાઈપોથીકેશન એગ્રીમેન્ટ.	આંક–૨૦
(૭)	પ્રતિવાદીએ કરી આપેલ સંમતી પત્ર	આંક–૨૧
(૮)	પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૮અ ખાતા નં.૪૧૧.	આંક–૨૨
(૯)	પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૭/૧૨ સર્વે નં.૧૮૬/૩.	આંક–૨૩
(૧૦)	પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૮અ ખાતા નં.૭૨૦.	આંક–૨૪
(૧૧)	પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૭/૧૨ સર્વે નં.૨૩૪/૧/પૈકી૧	આંક–૨૫
(૧૨)	પ્રતિવાદીએ ધીરાણ રીન્યુ કરવા આપેલ અરજી.	આંક–૨૬
(૧૩)	લોન ધીરાણ મંજુર કર્યાનો પત્ર.	આંક–૨૭

(૧૪) પ્રતિવાદીનાં ધીરાણ અંગેનો ઈન્સ્પેકશન રીપોર્ટ	આંક–૨૮
(૧૫) પ્રતિવાદીએ ધીરાણ ફરી રીન્યુ કરવા આપેલ અરજીસાથે મંજુરી પત્ર.	આંક–૨૯
(૧૬) પ્રતિવાદીએ ધીરાણ ફરી ચાલુ કરવા અંગેનો પત્ર.	આંક–૩૦
(૧૭) વાદીએ ગુજ.પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ.	આંક–૩૧
(૧૮) નોટીસની વિન્ડો સ્લીપ.	આંક–૩૨
(૧૯) પ્રતિવાદીએ નોટીસ સ્વીકાર્યાની પહોચ.	આંક–૩૩
(૨૦) વાદીએ ગુજ.નાં વારસને આપેલ લીગલ નોટીસ.	આંક–૩૪
(૨૧) પ્રતિવાદીની નોટીસની વિન્ડો સ્લીપ.	આંક–૩૫
(૨૨) પ્રતિવાદીએ નોટીસ સ્વીકાર્યાની પહોચ.	આંક–૩૬
(૨૩) પ્રતિવાદીનાં એકાઉન્ટનું સ્ટેટમેન્ટ.	આંક–૩૭

સદર કામમાં વાદી તરફે આંક–૪૦ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૫.૧) સદર કામે પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ હોય કોઈ પુરાવો રજૂ થયેલ નથી.

(૫.૨) સદર કામે વાદીનાં વિ.વકીલ શ્રીની મૌખિક દલીલો સાંભળી. જયારે દાવો એકતરફી ચલાવવામાં આવેલ હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલ નથી.

(૬) ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટનાં નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

<u>–:: કા ર ણો ::–</u>

<u>મુદ્દા નં. (૧) થી (૩) :–</u>

(૭) ઉપરોકત મુદ્દાઓ પરસ્પર આંતરીક રીતે એકબીજા સાથે સંકળાયેલા હોવાથી પુનરાવર્તન અટકાવવા તથા એકસુત્રતા જળવાઈ રહે તે હેતુથી તેની ચર્ચા એક સાથે કરેલ છે.

(૭.૧) આ કામમાં વાદી તરફે હિમાંશુ અંતજ નાંઓએ આંક–૩૮ થી તેઓની સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ હકીકતોનો પુનરોચ્ચાર કરેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવા વિશેષ ચર્ચા કરવી જરૂરી જણાતું નથી. ટૂંકમાં તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ બેંક પાસેથી લોન મેળવેલ અને જરૂરી દસ્તાવેજોમાં સહીઓ કરી આપેલ. ત્યારબાદ લોનની રકમ ભરપાઈ ન કરતાં રૂ.૬,૯૧,૮૯૦/– બાકી નીકળે છે. સદરહું સાહેદે પોતાનાં સોગંદનામામાં નિશાની ૪/૧ થી ૪/૨૪ નાં દસ્તાવેજોને તથા અન્ય દસ્તાવેજોને આંકે પાડવા અરજ કરતાં, અનુક્રમે આંક–૧૫ થી ૩૭ આપવામાં આવેલ છે.

આ તબકકે સી.પી.સી. ઓર્ડર–૮, રૂલ–૫ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Order– 8 Rule 5 : Specific denial –

1. XXXX
1. Where the defendant has not filed pleading, it shall be lawful for the court to pronounce judgement on the basis of the facts contained in the plaint, except as against a person under a disability, but the Court may, in its discretion, require any such fact to be proved.
2. XXXX
3. XXXX

Thus in the present case also as defendant has not filed his pleading plaintiff becomes entitled to judgement on the basis of facts contained in the plaint.

Further it is also not disputed that defendant has not corss examined plaintiff nor has lead any evidence. Thus adverse inference is required to be drawn against the defendant under section 114 of Evidence Act, 1872.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા વાદી સાહેદે આપેલ ઉપરોકત પુરાવાને પ્રતિવાદી ધ્વારા ચેલેન્જ કરવામાં આવેલ નથી કે વાદી સાહેદે આપેલ પુરાવા વિરૂધ્ધ અનુમાન કરી શકાય તેવો કોઈપણ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં વાદી બેન્કનાં સાહેદે આપેલ પુરાવાને ન માનવા કોઈ કારણ નથી.

(૭.૨) સદર કામે વાદી તરફે આંક–૧૫ થી આંક–૩૭ સુધી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક–૧૫ ની વિગતે પ્રતિવાદીઓએ ધિરાણ મેળવવા માટે અરજી કરેલ, જે અનુસંધાને આંક–૧૬ થી આંક–૨૧ ની વિગતે પંચવર્ષીય કે.સી.સી. લીમીટનું એસેસમેન્ટ, પ્રતિવાદીની અરજી મંજુર કર્યાનો પત્ર, વાદીબેંકે પ્રતિવાદીને લીમીટ અંગે જાણ કરતો પત્ર, લેટર ઓફ એરેન્જમેન્ટ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ અને પ્રતિવાદીએ કરી આપેલ સંમતી પત્ર રજુ રાખેલ છે જયારે આંક–૨૨ થી આંક–૨૯ ની વિગતે પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૮અ ખાતા નં.૪૧૧, પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૭/૧૨ સર્વે નં.૧૮૬/૩, પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૮અ ખાતા નં.૭૨૦, પ્રતિવાદીનાં ખેડ ખાતાનાં ૭/૧૨ સર્વે નં.૨૩૪/૧/પૈકી૧, પ્રતિવાદીએ ધીરાણ રીન્યુ કરવા આપેલ અરજી, લોન ધીરાણ મંજુર કર્યાનો પત્ર, પ્રતિવાદીનાં ધીરાણ અંગેનો ઈન્સ્પેકશન રીપોર્ટ, પ્રતિવાદીએ ધીરાણ ફરી રીન્યુ કરવા આપેલ અરજી સાથે મંજુરી પત્ર રાખેલ છે અને આંક–૩૦ થી આંક–૩૬ ની વિગતે પ્રતિવાદીએ ધીરાણ ફરી ચાલુ કરવા અંગેનો પત્ર, વાદીએ ગુજ.પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ, નોટીસની વિન્ડો સ્લીપ, પ્રતિવાદીએ નોટીસ સ્વીકાર્યાની પહોચ, વાદીએ ગુજ.નાં વારસને આપેલ લીગલ નોટીસ, પ્રતિવાદીની નોટીસની વિન્ડો સ્લીપ, પ્રતિવાદીએ નોટીસ સ્વીકાર્યાની પહોંચ રજુ રાખેલ છે. ઉપરોકત તમામ એગ્રીમેન્ટ તથા લેખિત અંગીકરણ પ્રતિવાદીએ વાદી બેંક જોગ કરી આપેલ હોવાનું જણાય આવે છે. આ કામે આંક–૨૨ અને ૨૫ થી રજુ થયેલ ગામ નમુના નં.૮–અ અને નમુના નં.૭ જોતા સદર ખેતીની જમીન પ્રતિવાદીની માલીકીની હોવાનું જણાય છે. વધુમાં આંક–૩૧

અને આંક–૩૪ ની વિગતે સદરહું લોનની રકમ ભરપાઈ નહીં કરતાં વાદી બેંકે વકીલ મારફત નોટિસ આપેલાનું અને તે નોટિસ આંક–૩૨ અને આંક–૩૫ ની વિગતે રજી.એ.ડી. કર્યાનું અને પ્રતિવાદીને મળી જવા છતાં ત્યારબાદ કોઈ રકમ ભરપાઈ કરેલ ન હોવાનું ફલિત થાય છે. આમ, સદર પુરાવાથી વાદીનાં દાવાની હકીકતોને સમર્થન મળે છે. વાદીએ પોતાની દાવા અરજીમાં રૂા.૬,૯૧,૮૯૦/– તથા તે ઉપર તા.૦૧/૦૮/૨૦૨૪ થી ૧૨% લેખે ચડત વ્યાજ બાકી લેણા નીકળતાં હોવાનું જણાવેલ છે અને વાદી સાહેદે આંક–૩૮ નાં પોતાના સરતપાસના સોગંદનામામાં પણ આ જ હકીકત જણાવેલ છે તેમજ આંક–૩૭ નું પ્રતિવાદીનાં લોન ખાતાનું સ્ટેટમેન્ટ ધ્યાને લેતા આ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી ધિરાણ મેળવેલ હોવાનું અને તે અંગે જરૂરી દસ્તાવેજો અને હાઈપોથીકેશન એગ્રીમેન્ટ કરી આપેલ હોવાનું પુરવાર કરવામાં વાદી બેંક વાદી સાહેદની સોગંદ ઉપરની જુબાની તથા દસ્તાવેજી પુરાવાઓથી સફળ થયેલ હોવાનું આ અદાલતનું માનવું છે. હાલનાં કામે અમોનાં પુરોગામી ન્યાયાધીશ ધ્વારા આંક–૦૭ થી ઘડવામાં આવેલ મુદ્દા નં.૧ જોવામાં આવે તો તેમાં આંક–૩૪ ની નોટીસમાં દર્શાવ્યા મુજબ તા.૦૭/૦૮/૨૦૨૧ નાં રોજ પાકનાં વાવેતર માટે રૂા.૫,૦૦,૦૦૦/– નો ઉપાડ બેંક પાસેથી કરેલ હોય તેવું દર્શાવેલ હોય તે મુજબનો મુદ્દો ઘડવામાં આવેલ પરંતુ, દાવાની હકિકત જોવામાં આવે તો ખરેખર ધીરાણ રીવાઈઝડ કરી વાદી બેંકને પ્રતિવાદીનાં લોન ખાતા નં.૩૨૬૭૭૦૫૧૪૬૯ મુજબ મુદ્દલ રકમ રૂા.૬,૪૩,૬૯૭/– મુદ્દલ પેટે લેવાની થતી હતી જેના પર તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીનું ચડત વ્યાજ મળી કુલ રકમ રૂા.૬,૯૧,૮૯૦/– મુદ્દા નં.૩ મુજબ કરારની વિગતે વ્યાજ સાથે લેવાનું થાય છે. જે હકિકત હાલનાં કામે વાદીપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ જોતા માનવાને કારણ બને છે. સદર કામે પ્રતિવાદીએ કોઈ દાવા જવાબ રજૂ કરેલ નથી કે દાવાનો કોઈ ઈન્કાર કરેલો નથી કે વાદીનાં સાહેદને ઉલટતપાસમાં પડકારેલ

નથી કે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી અને પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ છે. જેથી વાદી તરફે રજુ થયેલ પુરાવાઓ બેંકનાં કર્મચારી ધ્વારા તેઓની અધિકૃત ફરજનાં ભાગરૂપે તૈયાર કરવામાં આવેલ હોય તેમજ બેંકનાં અધિકારીને પ્રતિવાદી સામે કોઈ વૈમનસ્ય હોય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય વાદી સાહેદની જુબાનીનાં સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજો ન માનવા કોઈ કારણ જણાતું નથી. જેથી વાદી બેંક ધ્વારા લોન માટે રૂા.૬,૪૩,૬૯૭/– મંજૂર કરવામાં આવેલ હોવાની હકીકત ફલિત થાય છે તેમજ સદરહું લોનની રકમ ભરપાઈ નહીં કરતાં તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીનું ચડત વ્યાજ રૂા.૪૮,૧૯૩/– અને કુલ રકમ રૂા.૬,૯૧,૮૯૦/– ઉપર તા.૦૧/૦૮/૨૦૨૪ થી ૧૨% લેખે કરારની શરતો મુજબનું ચડત વ્યાજની થતી રકમ વસૂલ અપાવવા માંગણી કરેલી છે. આંક–૩૭ નાં એકાઉન્ટમાં દર્શાવ્યા મુજબની રકમ રૂા.૬,૯૧,૮૯૦/– બાકી નીકળતી હોવાનું જણાવેલ છે તેમજ પ્રતિવાદીએ વાદી બેંક જોગ કરી આપેલ દસ્તાવેજો ધ્યાને લેતા વ્યાજ અંગેની હકીકત ફલિત થતી હોય રૂા.૬,૯૧,૮૯૦/– બાકી લેણા હોવાનું સ્પષ્ટ થાય છે જેથી તે મુજબની રકમ વસૂલ મેળવવા વાદી હકકદાર ઠરે છે. જેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

મુદા નં. (૪) :

(૮) આમ, મુદા નં.૧ થી ૩ માં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી પોતાની દાવા અરજીની હકીકતો મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સફળ થયેલા હોય સદર કામે પ્રતિવાદી સદરહું લેણું ચૂકવવા જવાબદાર બને છે. જેથી વાદી પોતાના દાવા અરજીમાં માંગ્યા મુજબ નહીં પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબની રકમ મેળવવા હકકદાર થાય છે. જેથી મુદા નં.૪ નો જવાબ હકારમાં ઠરાવી મુદા નં.૫ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) વાદીનો હાલનો દાવો ખર્ચ સહિત મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામનાં પ્રતિવાદીએ, વાદી બેંકની લેણી રકમ રૂા.૬,૯૧,૮૯૦/– (અંકે રૂપિયા છ લાખ એકાણુ હજાર આઠસો નેવુ પુરા) દાવા દાખલ તારીખથી રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૧૨% ટકા લેખે સાદા વ્યાજ સાથે વાદી બેંકને વસુલ આપવી.

(૩) વાદીને થયેલ દાવાનો ખર્ચ આ કામનાં પ્રતિવાદીએ ચૂકવવો તેમજ પોતે પોતાનું ખર્ચ ભોગવવું.

હુકમ આજરોજ તારીખ : ૧૪ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : માળીયા હાટીના.
તારીખ: ૧૪/૦૭/૨૦૨૬.

(બી. વી. ગોહિલ)
સિવિલ જજ, માળીયા હાટીના.
(Judge Code No.GJ-01456)